બાળકોને દત્તક આપવાની માર્ગદર્શિકાના પ્રકરણ-૨ના ફકરા-૬(૧૭) અન્વયે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના અધ્યક્ષ સ્થાને તબીબી બોર્ડની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૬/૨૯૫૮૮૬/છ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૮/૦૭/૨૦૧૬.

18 JUL 2016

વંચાણે લીધા:

(૧) ગાઇડલાઇન્સ ગવર્નીંગ એડોપ્શન ઓફ ચિલ્ડ્રન, ૨૦૧૫

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની સિંગલ ફાઇલ પરની તા.૧૧.૦૫.૨૦૧૬ની નોંધ.

હુકમ :

ભારત સરકારની બાળકોને દત્તક આપવાની પ્રક્રિયા અંગેની ગાઇડલાઇન્સ,૨૦૧૫ Guidelines Governing the Adoption of Children, 2015 )ના ફકરા :૬(૧૭)ની જોગવાઇ મુજબ બાળ કલ્યાણ સમિતિ દ્વારા માનસિક અશક્તતાવાળા માતા-પિતાના બાળકોને કાનૂની રીતે દત્તક ગ્રહણ માટે મુક્ત જાહેર કરવા માટેની પ્રક્રિયા જિલ્લા મેજીસ્ટેટ (કલેકટરશ્રી) દ્વારા રચાયેલ તબીબી બોર્ડના અહેવાલના આધારે રાખવાની રહેશે.

શારીરિક, ભાવનાત્મક અને સામાજિક કારણોસર માનસિક અસ્વસ્થ કે અશક્ત માતા-પિતાનો વ્યવહાર કાબુ બહારના હોય અને તે કારણે બાળકને તેઓ છોડી દેવા મજબુર હોય અથવા તેઓની પાસે બાળક રાખવુ બાળકના જીવનને જોખમરૂપ હોય તેવા બાળકોને દત્તક આપવા માટે મુક્ત જાહેર કરવા

માટે જિલ્લા મેજિસ્ટ્રેટ (કલેકટરશ્રી)ના અધ્યક્ષસ્થાને નીચે મુજબના તબીબી બોર્ડની રચના કરવા નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબના તબીબી બોર્ડની આથી રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | જિલ્લા મેજીસ્ટ્રેટ (કલેકટરશ્રી) | અધ્યક્ષ |
| ૨. | જિલ્લા ડીસેબીલીટી બોર્ડના નિષ્ણાંત ડોકટરશ્રી (સાયકોલોજીસ્ટ / સાયકીયાટ્રીસ્ટ) | સભ્ય |
| 3. | સ્પેશ્યલાઇઝડ એડો. એજન્સીના ડોકટરશ્રી/ બાળ રોગ નિષ્ણાંત પેડિયાટ્રીશ્યન | સભ્ય |
| ૪. | સંસ્થાના અધ્યક્ષશ્રી | સભ્ય સચિવ |

ઉપર્યુકત તબીબી બોર્ડ દ્વારા માનસિક અસ્વસ્થ કે અશક્ત માતા-પિતાનો માનસિક/તબીબી અભ્યાસ કરી બાળકને તેઓના પાસે રાખવા બાળકના જીવન માટે જોખમરૂપ છે કે નહી તેનો અહેવાલ આપશે અને તેના આધારે બાળ કલ્યાણ સમિતિ બાળકને દત્તક ગ્રહણ માટે મુક્ત જાહેર કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એમ. બી.ચૌહાણ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી,ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ,
- સર્વે બાળ લગ્ન પ્રતિબંધ પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (મારફત નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સિલેકટ ફાઇલ.